નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ તથા
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકની
આશ્રમશાળાઓમાં શિક્ષકોની ભરતી બાબતેની
પસંદગી સમિતિની રચના

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃઅમશ/૧૦૧૫/૨૯૬૧૭૮/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૨૨/૧૨/૨૦૧૮

ઠ રા વઃ-

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ તથા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકની આશ્રમશાળાઓમાં શિક્ષકોની ભરતી બાબતે વિદ્યા સહાયકોની જગ્યાઓ પ્રવર્તમાન ફીકસ પગારથી ભરવા અંગે શિક્ષણ વિભાગના તા.૦૭/૦૯/૧૯૮૮ના નોટીફીકેશન ક્રમાંક-KH/SH/16/KHPS/1086/21347/(1299)/CH માં આ મુજબ જણાવવામાં આવેલ છે.(નકલ સામેલ છે.) " ખાનગી પ્રાથમિક શાળાનાં શૈક્ષણિક કર્મચારી પૂરતી અને યોગ્ય લાયકાત ધરાવતા હોવા જોઇએ. રાજય સરકાર દ્વારા નિયત લાયકાત ધરાવતા માત્ર યોગ્ય તાલીમ ધરવાતા શિક્ષકો પૂરા પાડવામાં આવશે." નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ તથા તથા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થા સંચાલિત આશ્રમશાળા ના શિક્ષકોને નામદાર સુપ્રિમકોર્ટના આદેશ અન્વયે સરકારી કર્મચારી મુજબ ના પગાર તથા અન્ય ભથ્થાઓ ચુકવવાનાં રહે છે. તેથી તેઓની ભરતી પણ રાજય સરકારની જે ભરતી થઇ હોય તેના નિયમોનું ચુસ્તપણે પાલન કરીને કરવાની રહે છે. તેવું માન.મુખ્યમંત્રીશ્રી કક્ષાએ નિર્ણય થયેલ છે. આથી આશ્રમશાળાઓમાં ધોરણ ૧ થી ૮ માં પણ શિક્ષણ વિભાગ પ્રમાણે શિક્ષકોની ભરતી કરવાની રહે છે. શિક્ષણ વિભાગમાં સમિતિ રચના કરીને રાજય કક્ષાએ કેન્દ્રીયકૃત ભરતી થતી હોય તો તે ભરતી સમિતિની વિગતો મેળવી તેના જેવી ભરતી સમિતિનું ગઠન કરી આશ્રમશાળાના શૈક્ષણિક બીન શૈક્ષણિક સ્ટાફ માટે ભરતી કરવાની રહે. આથી શિક્ષણ વિભાગના તા.૨૦/૦૧/૨૦૧૭ના નોટીફીકેશન ક્રમાંક-GH/SH/02/ PRE/11-2016/SF-6/K પરના ફકરા-3 નીચે જે પસંદગી સમિતિની રચના થયેલ છે. (નકલ સામેલ છે.) તેના આધારે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ તથા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકની આશ્રમશાળાઓમાં-----

શિક્ષકોની ભરતી બાબતેની વિદ્યા સહાયકોની જગ્યાઓ પ્રવર્તમાન ફીકસ પગારથી ભરવા અંગે  અને ત્યારબાદ વખતો વખત ભરવાની થતી ફિકસ પગાર શિક્ષકોની જગ્યા પરા ભરતી માટે પસંદગી સમિતિની રચના કરવા અંગેની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. જે પુખ્ત વિચારણાને અંતે  નીચે મુજબની સમિતિની આથી રચના કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧ | નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ, તથા  નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર | અધ્યક્ષશ્રી |
| ૨ | સંયુકત સચિવશ્રી/નાયબ સચિવશ્રી (અજાક), તથા (વિજાક), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | સભ્યશ્રી |
| ૩ | નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, તથા  નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર | સભ્યશ્રી સચિવશ્રી |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર માન.મંત્રીશ્રી (સા.ન્યા) ની તા.૨૯-૧૦-૨૦૧૮ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આપનો વિશ્વાસુ,

(ધનશ્યામસિંહ મકવાણા)

સેકશન અધિકારી

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર (બિડાણ સહિત)

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર(બિડાણ સહિત)

નકલ રવાના:-

માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ

નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર

સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર.

સર્વે નાયબ નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણની ક્ચેરી, (નિયામકશ્રી, અજાક તથા વિજાક મારફત)

સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત) તથા (વિજાક) (નિયામકશ્રી, અજાક તથા વિજાક મારફત)

સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રી, (નિયામકશ્રી, અજાક તથા વિજાક મારફત)

જ, હ,ક,અ,અ-૧ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

કમ્પ્યુટર સેલ-શાખા, સા.ન્યા અને અધિ વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.

પસંદગી ફાઇલ-ગ